ગાંધીનગરને દેશમાં શ્રેષ્ઠ સંસદીય વિસ્તાર બનાવવા માટે હું પ્રતિબદ્ધ છું : અમિત શાહ

અમિત શાહ-મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે ગાંધીનગર શહેર અને ગુડાના વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત

ગાંધીનગર, તા.૧૨

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે ગાંધીનગર શહેર અને ગુડાના વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. એક જ દિવસમા એક સાથે રૂપિયા ૨૭૯ કરોડથી વધુના વિકાસ કામોની ગાંધીનગરને કેન્દ્રીય ગૃહમંત્રી અને સાંસદ અમિત શાહે ભેટ આપી હતી. સરકાર અને સમાજનું સામંજસ્ય જ આદર્શ લોકશાહીનું ઉત્તમ ઉદાહરણ હોવાનું કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું. શહેરીકરણ, આપત્તિ-ચેલેન્જ નહી અવસર-તક બનાવવાની સિદ્ધિ ગુજરાતેપ્રધાનમંત્રી-ગૃહમંત્રીના દિશાદર્શનમાં મેળવી છે તેવું મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું.

પોતાના સંબોધનમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આઠ વર્ષના શાસન દરમિયાન સર્વસ્પર્શી અને સર્વ સમાવેશક વિકાસ કર્યો છે. અગાઉની સરકારોએ 'ગરીબી હટાવો 'ના માત્ર નારા આપ્યા, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ યોજનાઓના લાભો લોકોના ઘર સુધી પહોંચાડીને સાચા અર્થમાં ગરીબી હટાવી ગરીબોનું સશકતિકરણ કર્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

આગામી ૧લી જુલાઈથી વંદે ગુજરાત વિકાસયાત્રા યોજાશે

સરકારની બે દાયકાની કામગીરી દર્શાવવા ૧૫૦ રથમાં રાજ્યના ગામેગામ એક પખવાડિયા સુધી યાત્રા ફરશે

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાત વિધાનસભા ચૂંટણી જંગની જાહેરાત થાય તે પૂર્વે જ સરકાર હવે વંદે ગુજરાત વિકાસયાત્રાનું આયોજન કરી રહી છે અને જુલાઈ માસના પ્રથમ સપ્તાહમાં તેનો આરંભ થશે તેમ જાણવા મળેલ છે.

સચિવાલયના વિશ્વસનીય સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ આ માટે ૧૫૦ જેટલા વિકાસરથ તૈયાર કરવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે.

એક પખવાડિયા સુધી આ રથ રાજ્યના લગભગ તમામ તાલુકાઓમાં ભ્રમણ કરશે. આ યાત્રા થકી સરકાર બે દાયકામાં સરકારે કરેલા વિકાસના કામોની જાણકારી લોકો સુધી પહોંચે તે અભિગમને અગ્રતા આપી છે.

રાજ્ય સરકારે આ યાત્રા માટે કૃષિ વિભાગને વિશેષ જવાબદારી સોંપી અને નોડલ અધિકારી બનાવવામાં આવ્યા છે જે તમામ વિભાગો વચ્ચે સંકલન સાધી આખી યાત્રાના આયોજનને આખરી ઓપ આપશે. કૃષિ વિભાગના અધિક મુખ્ય સચિવે આ અંગે વિભાગોના અધિકારીઓ સાથે બેઠક પણ કરી અને જરૂરી સૂચનાઓ આપી હોવાનું સચિવાલયના સૂત્રોએ જણાવ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે આ વિકાસયાત્રા માટે જિલ્લાકક્ષાએથી રૂટ તૈયાર કરી મોકલી આપવા સ્પષ્ટ રીતે જણાવી દેવામાં આવ્યુ છે. હાલ તો આ યાત્રા ૧લી જુલાઈથી ૧૫ જુલાઈ વચ્ચે યોજવામાં આવશે.

આ સમયગાળો ગ્રામીણ વિસ્તારમાં વાવણીની કામગીરી લગભગ પૂરી થઈ ગઈ હોવાથી પસંદ કરવામાં આવ્યો હોવાનું સચિવાલયના સૂત્રોએ જણાવ્યુ છે. આ યાત્રામાં પૂર્વ સરકાર અને વર્તમાન સરકારના મંત્રીઓ સવાર હશે એટલુ જ નહિ જે તે જિલ્લા પંચાયતના પ્રમુખોને પણ તેમાં જોડવામાં આવશે.

એકાદ સપ્તાહમાં આખાય આયોજનને આખરી ઓપ આપી દેવામાં આવશે. રથમાં ખાસ કરીને એક વિકાસની ટચૂકડી ફિલ્મ પણ દર્શાવવામાં આવશે. આ ઉપરાંત કૃષિ વિકાસ માટે લેવાયેલા પગલાં, આવાસ યોજના તેમજ ગ્રામીણ વિકાસની મહત્વની બાબતો રથ પર દર્શાવવામાં આવશે.

શહેર-જિલ્લામાં કોરોના વધુ ૬ કેસ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાના નવા ૬ કેસ નોંધાયા છે. ગાંધીનગર શહેરમાં કોરોનાનો એક નવો કેસ અને ગ્રામ્ય વિસ્તારમાં એક સાથે પાંચ કેસ નોંધાયા છે.

ગાંધીનગર શહેર-જિલ્લામાં જે રીતે કેસો વધી રહ્યા છે તેને લઈ હવે લોકો કોરોના રિટર્ન્સ અંગે ચિંતાતુર બન્યા છે. જોકે આ વખતે હોસ્પિટલાઈઝેશન રેટ ઓછો છે તેથી તંત્રને પણ રાહત છે.

કોરોના સંક્રમણ ઘટ્યા બાદ લોકો ગાઈડલાઈનના અમલીકરણમાં જે બેફિકરાઈ દાખવી રહ્યા છે તેને લઈ તંત્ર ચિંતીત બન્યુ છે.

શહેરમાં આજે એક કેસ નોંધાયો છે. આ કેસ સરગાસણ ગામેથી મળ્યો છે. સરગાસણમાં સંક્રમિત થયેલ દંપત્તિની ૩ વર્ષીય દિકરીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. દિકરી પણ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે. શહેરમાં કોરોનાની ગતિ વધી રહી છે. છુટા છવાયા કેસો જે રીતે મળ્યા છે તેમાં ટ્રાવેલ હિસ્ટ્રી અને સંક્રમિતોના સંપર્કમાં આવવાથી વધી રહ્યો હોઈ લોકલ ટ્રાન્સમિશનને લઈ તંત્ર ચિંતીત બન્યુ છે.

સરગાસણમાં ૩ વર્ષની દિકરી સંક્રમિત થઈ : ગાંધીનગર તાલુકાના વોટરલીલી અદાણી શાંતિગ્રામમાંથી ૪ કેસ મળી આવ્યા

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં એક સાથે પાંચ કેસ આજે નોંધાતા તંત્ર દોડતુ થયુ છે.

આજે નોંધાયેલા પાંચ કેસમાં ૪ કેસ ગાંધીનગર તાલુકામાં નોંધાયા છે જ્યારે એક કેસ કલોલ તાલુકામાંથી મળ્યો છે. ગાંધીનગર અને કલોલ તાલુકા એ બીજી અને ત્રીજી લહેરમાં પણ સંવેદનશીલ બની ઉભર્યા હતા.

ગાંધીનગર તાલુકામાં આદરજમોટી પી.એચ.સી. વિસ્તારમાં આવેલ વૉટરલીલી અદાણીગ્રામમાંથી ૪ કેસ મળી આવ્યા છે. આ ચારેય કેસ એકજ પરિવારના છે. મળતી વિગતો મુજબ પરિવારની એક વ્યક્તી ચેન્નાઈના પ્રવાસેથી પરત ફરી હતી. આ પછી તાવ અને અન્ય લક્ષણો જણાતાં રિપોર્ટ પોઝીટીવ આવ્યો હતો. આ ચારેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. અદાણીગ્રામનો આ વિસ્તાર ત્રીજી લ્હેરમાં પણ સંવેદનશીલ બની ઉભર્યો હતો. તંત્રએ આજે સઘન સર્વેલન્સની કામગીરી આ વિસ્તારમાં હાથ ધરી છે.

કલોલ તાલુકાના નારદીપુર ગામેથી ૨૪ વર્ષીય વિદ્યાર્થીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દી કો.મોર્બીડ હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા

● અનુસંધાન પાન-૭ પર

ગ્રામ્ય વિસ્તારમાં એક પણ લાભાર્થી વેક્સિનેશનનો લાભ લેવા ફરક્યો નહિ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લામાં અને શહેરમાં કોરોનાના કેસો વધી રહ્યા છે પણ લોકો વેક્સીનેશન માટેની હજુ તેમની ઉદાસીનતાને દૂર કરી શક્યા નથી. ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૭૨ વેક્સીનેશન કેન્દ્રો પર એક પણ લાભાર્થી વેક્સીન લેવા ગયો ન હતો. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૯,૯૩,૨૭૩ લોકોને વેક્સિનનો પ્રથમ ડોઝ અને ૧૦,૩૪,૪૫૪ લોકોને બીજો ડોઝ આપવામાં આવેલ છે.

જ્યારે ૭૮,૩૦૦ લોકોને પ્રિકોશન ડોઝ આપવામાં આવેલ છે. ગાંધીનગર શહેરમાં પ્રિકોશન ડોઝ માટે તેમજ ૧૨ થી ૧૮ વર્ષના યુવાનોમાં વેક્સિનેશન માટે ઉદાસીનતા જોવા મળી રહી છે.

જિલ્લામાં આજથી ૨૨મી સુધી ગ્રામસભા અભિયાન આરંભાશે

સવારે ૧૧ વાગે અને બપોરે ૩ વાગે સભાઓ મળશે : રોજની ૧૩ ગ્રામસભાઓ તાલુકાઓમાં યોજાશે : ૪૦ તાલુકાના અને ૪૦ લાયઝન અધિકારીઓ અભિયાન માટે નિયુક્ત કરાયા

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લામાં આજથી ગ્રામસભા અભિયાનનો પ્રારંભ થઈ રહ્યો છે. ૨૨મી જૂન સુધી આ અભિયાન ચાલશે.

જિલ્લામાં શરૂ થઈ રહેલ આ અભિયાન માટે તાલુકાકક્ષાએ ૪૦ અને જિલ્લાકક્ષાએ ૪૦ જેટલા લાયઝન અધિકારીઓની નિયુક્તીના હુકમો કર્યા છે અને આ અધિકારીઓ ગ્રામસભામાં જશે.

બપોરે ૧૧ વાગે અને ૩ વાગે આ ગ્રામસભાઓનું આયોજન કરવામાં આવ્યુ છે. આ ગ્રામસભાઓના આયોજન ખેતીની સીઝનનો આરંભ થઈ રહ્યો છે ત્યારે કરાયુ હોવાથી ગ્રામજનોમાં જોઈએ તેવો ઉત્સાહ જોવા મળતો નથી. જોકે આ અભિયાનને લઈ તંત્ર દ્વારા તૈયારીઓ પુરી કરી લેવામાં આવી છે. રોજની ૧૩ જેટલી ગ્રામસભાઓ તાલુકાઓમાં યોજાશે.

અભિયાનનો આરંભ શાળાઓનું વેકેશન પૂર્ણ થઈ રહ્યુ છે ત્યારે થઈ રહ્યુ છે તે પણ નોંધનીય છે.

આ ગ્રામસભા અભિયાનમાં જીપીડીપી ઉપરાંત અન્ય સુરક્ષા યોજના સહિતના વિષયોને લઈ ચર્ચા કરવામાં આવનાર છે એટલું જ નહિ કુપોષણની સમસ્યા તેમજ કુપોષણ મુક્તિ અભિયાનને લઈ પણ

● અનુસંધાન પાન-૭ પર

મોબાઈલના વળગણનું તો કહેવું જ શું...? આજકાલ યુવાન અને બાળકોને મોબાઈલનું ખુબ વળગણ થયેલું જોવા મળે છે. કોઈપણ જાહેર સ્થળે જાવ યુવાનો મોબાઈલમાં જ ખોવાયેલા જોઈ શકાય છે. આકરી ગરમીમાં ખરા બપોરે બાઈકને ઝાડ નીચે પાર્ક કરીને આડો પડેલો આ યુવાન મોબાઈલની દુનિયામાં ખોવાઈ ગયો છે. મોબાઈલનું આ હદનું વળગણ ખતરારૂપ છે.

આજથી શાળા-કોલેજો શરૂ થતાં શહેર ધમધમી ઉઠશે

ઉનાળુ વેકેશન પુરૂ થયા બાદ શાળા-કોલેજો સોમવારથી શરૂ થઈ : યુનિફોર્મ અને સ્ટેશનરી ખરીદવા માટે વાલીઓનો ધસારો

ગાંધીનગર, તા. ૧૨

ઉનાળુ વેકેશન પૂર્ણ થયા બાદ નવુ શૈક્ષણિક સત્ર શરૂ થઈ રહ્યુ છે. શાળા-કોલેજો પુનઃ શરૂ થઈ રહી છે. વિદ્યાર્થીઓ વિના સૂના રહેલા સ્કૂલ-કોલેજના ગ્રાઉન્ડ વિદ્યાર્થીઓથી ધમધમી ઉઠશે. વિદ્યાર્થીઓની અવરજવરથી વિદ્યાધામો જીવંત બની ઉઠશે.

લાંબા સમયના અંતરાલ બાદ શાળા-કોલેજો પુનઃ શરૂ થઈ રહી છે. લાંબા ઉનાળુ વેકેશન બાદ શાળા-કોલેજોમાં ધમધમાટ જોવા મળશે. સોમવારથી મોટાભાગની શૈક્ષણિક સંસ્થાઓ શરૂ થઈ રહી છે. ગત બે વર્ષ બાળકોનું શિક્ષણ ખુબ બગડ્યુ હતુ. કોરોનાના કારણે છેલ્લા બે-અઢી વર્ષથી શૈક્ષણિક સંસ્થાઓ બંધ હતી. ગત શૈક્ષણિક સત્ર લગભગ અડધુ બંધ જ રહ્યુ હતુ. માંડ ચારથી પાંચ મહિના ઓફલાઈન શિક્ષણ ચાલ્યુ હતુ. માર્ચ મહિનામાં માંડ કોરોનાના કેસો પર કાબુ આવ્યો હતો અને શાળાઓ શરૂ થઈ શકી હતી તથા પરીક્ષાઓ લેવાઈ હતી. તમામ પરીક્ષાઓનુ પરીણામ જાહેર થયા બાદ પ્રવેશ પ્રક્રિયા આરંભાઈ હતી. ઘણી શાળાઓમાં પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થઈ જતા આવતીકાલ સોમવારથી જ નવા સત્રનો પ્રારંભ થઈ જશે.

શાળાઓ શરૂ થઈ રહી હોવાથી યુનિફોર્મ અને સ્ટેશનરી ખરીદવા વાલીઓએ દુકાનોમાં ભીડ જમાવી હતી. નવુ શૈક્ષણિક સત્ર શરૂ થાય તે પહેલાના રવિવારે બજારોમાં ભીડ જામી હતી. યુનિફોર્મ, બુટ-મોજા અને અન્ય સ્ટેશનરીની ખરીદી માટે દુકાનોમાં સવારથી મોડી સાંજ સુધી ભીડ જામેલી જોવા મળી હતી.

પહેલા ધોરણમાં પ્રવેશ મેળવનારા બાળકો અને તેમના વાલીઓનો ઉત્સાહ સવિશેષ જોવા મળ્યો હતો. શાળાઓ દ્વારા પણ વર્ગોની સાફ-સફાઈ અને ગ્રાઉન્ડની સાફ-સફાઈ શરૂ કરાઈ હતી. લાંબા સમયગાળા બાદ શાળાઓ શરૂ થતાં વાલીઓ અને બાળકોમાં સવિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

પાટનગરનું પોતાનું અખબાર
ગાંધીનગર સમાચાર
આપની આસપાસના
● પર્વો-પ્રસંગોની ઉજવણીના ખબર ●
● ઘટના-દુર્ઘટનાના સમાચાર - ફોટોગ્રાફ્સ ●
● શાળા-કોલેજમાં થતી ઉજવણી - પ્રવૃત્તિઓના સમાચાર ●
આપના પોતાના અખબારમાં પ્રસિદ્ધિ માટે તાત્કાલિક મોકલવા વિનંતી
અમને વોટ્સએપ અથવા ઈ-મેઈલ કરો
વોટ્સએપ નંબર : 8758512466
E-mail : gandhinagarsamachar@gmail.com
ગાંધીનગર સમાચાર
૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧
નોંધ : જન્મદિવસનો ફોટોગ્રાફ અને વિગત અગાઉના દિવસે બે વાગ્યા પહેલા ફક્ત E-mail પર જ મોકલવા વિનંતી.

રાજ્યમાં કોરોનાના નવા ૧૪૦ કેસ નોંધાયા : ૬૬ દર્દી સાજા થયા

ગાંધીનગર, તા.૧૨

રાજ્યમાં કોરોનાના આજે નવા ૧૪૦ કેસ નોંધાયા છે. તો બીજી તરફ ૬૬ દર્દીઓ સાજા થયા છે. અત્યાર સુધીમાં કુલ ૧૨,૧૪,૫૨૯ દર્દીઓ કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. બીજી તરફ કોરોનાનો રિકવરી રેટ પણ ઘટીને ૯૯.૦૪ ટકાએ પહોંચી ચુક્યો છે. બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે કુલ ૬,૬૭૯ રસીના ડોઝ અપાયા હતા.

બીજી તરફ એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં કુલ ૭૭૮ એક્ટિવ કેસ છે. જે પૈકી કોઈ પણ નાગરિક વેન્ટિલેટર પર નથી. તમામ ૭૭૮ નાગરિકો સ્ટેબલ છે. અત્યાર સુધીમાં કોરોનાને કુલ ૧૨,૧૪,૫૨૯ નાગરિકો કોરોનાને હરાવી ચુક્યાં છે. તો બીજી તરફ ૧૦,૯૪૫ નાગરિકોનાં કોરોનાને કારણે મોત થઈ ચુક્યાં છે. જો કે આંશિક રાહતના સમાચાર કહી શકાય કે આજે કોરોનાને કારણે એક પણ વ્યક્તિનું મોત નથી નિપજ્યું.

નવા નોંધાયેલા કેસની વાત કરીએ તો અમદાવાદ કોર્પોરેશનમાં ૭૯, વડોદરા કોર્પોરેશન ૨૧, સુરત કોર્પોરેશન ૧૧, ગાંધીનગર ૫, મહેસાણા ૪, કચ્છ-રાજકોટ કોર્પોરેશન અને સાબરકાંઠામાં ૩-૩, અમદાવાદ -ભાવનગર કોર્પોરેશન, ગીરસોમનાથ અને સુરતમાં ૨-૨ તથા ગાંધીનગર કોર્પોરેશન, ખેડા અને પાટણમાં ૧-૧ કેસ નોંધાયા છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com